

@loksattajansatta @LoksattaJansatta www.loksattanews.co.in

નિડર અને નિષ્પક્ષ

લોકસત્તા જનસત્તા

LOKSATTA JANSATTA (Sat, 29 January 2022)

Group Editor : Anil Devpurkar CMD : Sanjay Shah • Phone: 0265 2787181 • Fax: 0265 2791781

ધંધુકામાં ભરવાડ યુવાનની હત્યાના પગલે હિન્દુ સમાજમાં ભારે રોષ

આરોપીઓને ફાંસીની માંગ સાથે એ.એચ.પી સહિતના સંગઠનોનું ભરૂચ કલેકટરને આવેદન

ભરૂચ,તા.૨૮

ગત તારીખ ૨૯મી જાન્યુઆરીના મંગળવારે મોડી રાત્રે ધંધુકામાં કિશન બોળીયા અને તેનો ભાઈ બાઈક પર જતા હતા ત્યારે અન્ય બાઈક પર બે અજાણ્યાં શખ્સોએ આવીને ફાયરિંગ કરી હત્યા કરીને ફરાર થઈ ગયા હતા. કિશનને ધંધુકાની હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો જ્યા તેને મૃત જાહેર કરાયો હતો. ઘટનાના પગલે મૃતકના સમાજના લોકોના ટોળા વળ્યા હતા. જ્યાં સુધી આરોપી ન પકડાય ત્યાં સુધી મૃતદેહ ન સ્વીકારવાની માગ કરાઈ હતી. જો કે આગેવાનો અને પોલીસની સમજાવટ બાદ મૃતદેહ સ્વીકારી લેવાયો હતો.

જાહેરમાં ગોળી મારી પલાયન થયેલ હત્યારાઓને વહેલીતકે ઝડપાઈ તે માટે ગત ગુરુવારે ધંધુકાને સજ્જડ બંધ જાહેર કર્યું હતું. કિશન બોળીયા નામના માલધારી સમાજના હિન્દૂ યુવકની બે વિધર્મી યુવકો દ્વારા ખુલ્લેઆમ બંદૂકની ગોળી મારીને નિર્મમ હત્યા કરવામાં આવી જે દુ:ખદ ઘટનાને લઈ સમસ્ત હિન્દુ સમાજમાં દુ:ખ અને અસામાજિક વિધર્મીઓ પ્રત્યે રોષની લાગણી વ્યાપી છે. આખા દેશમાં ધર્માંધો દ્વારા ગુન્હાહિત અને જેહાદી પ્રવૃત્તિઓ વધી રહી છે અને અંતે હિન્દુ સમાજના લોકોની હત્યા, લૂંટ, બળાત્કાર, લવ જેહાદ જેવા ગુના જોવા મળી રહ્યા છે. જેને લઈ જિલ્લા કલેકટર કચેરી ખાતે આવેદન આપી ભરૂચ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગદળ, રુદ્રસેના અને બાહુબલી ગૃપના કાર્યકર્તાઓ દ્વારા મુખ્યમંત્રીને તથા સરકારને માંગણી કરી છે કે, ધંધુકામાં થયેલ કિશન શિવાભાઈ બોળીયાની હત્યાનો કેસ ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવી ગુન્હેગારોને ત્વરિત ફાંસીની સજા આપવી જોઈએ. પોતાને તીશ માર ખા સમજતા ગુન્હેગારો સામે દેશમાં એક ઉદાહરણ બેસાડવાની પણ માંગ કરવામાં આવી હતી.

ગડખોલ પાટીયા પાસેની શોપમાં મોબાઈલમાં ભડકો થતા નાસભાગ

અંકલેશ્વર,તા.૨૮

અંકલેશ્વરના ગડખોલ પાટીયા પાસેની એક શોપમાં રીપેરીંગ માટે ટેબલ પર મુકેલા મોબાઈલ ફોનમાં અચાનક ભડકો થતા નાસભાગ મચી ગઈ હતી.અંકલેશ્વરના ગડખોલ પાટીયા પાસેની એક મોબાઈલ રીપેરીંગ શોપમાં કામ કરતા કારીગર ના ટેબલ ઉપર જ રીપેરીંગમાં આવેલ મોબાઈલમાં અચાનક ભડકો થયો હતો, જેના કારણે દુકાન માં ઉપસ્થિત લોકોમાં નાસભાગ મચી હતી, જોકે સદનસીબે સમગ્ર ઘટનામાં કોઈ જાનહાની ન થતા ઉપસ્થિત લોકોએ હાશકારો અનુભવ્યો હતો.ત્યારે સમગ્ર ઘટના દુકાનમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી.જેમાં સ્પષ્ટ જોઈ શકાયું હતું કે કંઈ રીતે ટેબલ પર મુકેલ મોબાઈલમાં અચાનક સ્પાર્ક થયા બાદ ભડકો થયો હતો, આ ઘટના અંગેના સીસીટીવી ફૂટેજ વાયરલ થયા હતા.

બંને વૃદ્ધોએ કોરોનાની રસી લીધી ન હોવાની માહિતી

ભરૂચમાં કોરોનાની ત્રીજી લહેરમાં વધુ બે વૃદ્ધોના મોતથી તંત્રમાં દોડધામ

સરકારી ચોપડે કોરોના સંક્રમિતોની સંખ્યા ત્રણ આંકમાં

ભરૂચ,તા.૨૮

કોરોનાની ત્રીજી લહેરમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ત્રણ આંકમાં સરકારી ચોપડે નોંધાઈ છે. ત્યારે રોજેરોજ આવતા કોરોના સંક્રમિતોમાં આ વખતે અન્ય બે કોરોના લહેર કરતાં મૃત્યુ આંક ઓછો નોંધાયો છે. ત્યારે ગતરોજ ભરૂચના ગોલ્ડન બ્રિજના દક્ષિણ છેડે આવેલ કોરોના સ્મશાનમાં બે વૃદ્ધોના અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યા હતા. જેમાં અંકલેશ્વર જી.આઈ.ડી.સી.ના રહીશ ૮૪ વર્ષિય ગોયલ સુભાસચંદ્ર અમરનાથ તેમજ અંકલેશ્વર તાલુકાના કોસમડી ગામના રહીશ ૭૫ વર્ષિય પરમાર જમનાબેન ગિરધરભાઈનું કોરોના સંકમણ બાદ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જોકે બંને વૃદ્ધોએ કોરોના રસી લીધી ન હોવાની માહિતી મળી હતી. બંને વૃદ્ધોનો અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો હતો. જોકે કોરોના સંકમણને રોકવા લોકો પોતે જ જાગૃત બને તે જરૂરી છે.

અંકલેશ્વરમાં પબ્લિક સ્કૂલ ખાતે ઓનલાઈન તાલુકા કક્ષાનું પ્રદર્શન

અંકલેશ્વર,તા.૨૮

અંકલેશ્વરની પબ્લિક સ્કૂલ ખાતે તાલુકા કક્ષાનો જી સી ઈ આર ટી ગાંધીનગર પ્રેરિત ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ પ્રદર્શનમાં તાલુકા કક્ષાની સરકારી શાળાઓના ધોરણ છ થી આઠ ના વિદ્યાર્થીઓ એ ઉત્સાહભેર ભાગ લીધો હતો.પ્રથમવાર જ કોઈ ખાનગી શાળામાં સરકારી શાળાનું તાલુકા કક્ષાનું ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતુ.ભરૂચ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તેમજ ભરૂચ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા અંકલેશ્વર તાલુકા કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન અંકલેશ્વર પબ્લિક સ્કૂલ ખાતે ઓનલાઈન યોજાયું હતું. અંકલેશ્વર તાલુકા ની ૪૫ જેટલી સરકારી શાળાઓના ૯૦ વિદ્યાર્થીઓ અને ૪૫ માર્ગદર્શક શિક્ષકો આ પ્રદર્શનમાં ઓનલાઈન જોડાયા હતા, અને ૪૫ કૃતિઓ રજૂ કરાઈ હતી.પ્રદર્શનીમાં વિજેતાઓને પ્રોત્સાહન પારિતોષિક એનાયત કરાયા હતા. આ પ્રસંગે પબ્લિક સ્કૂલના પટાંગણમાં ઉપસ્થિત મહાનુભાવો ના હસ્તે વૃક્ષા રોપણ કરવામાં આવ્યું હતુ. !આ પ્રસંગે અંકલેશ્વરના મામલતદાર હાર્દિક બેલડીયા, શાસનાધિકારી ભરત સલાટવાલા,તાલુકા પ્રાથમિક અધિકારી તરુણ ચૌધરી, રોટરી કલબના પ્રમુખ જીગ્નેશ પટેલ તથા સમાજ સેવિકા મીરા પંજવાણી ઉપરાંત અંકલેશ્વર પબ્લિક સ્કૂલના પ્રમુખ નાઝુ ફડવાલા,બી આર સી કોઓર્ડીનેટર અમીના પઠાણ,ગજેન્દ્ર પટેલ સહિત શાળાના આચાર્ય, શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા.

બૌડા કચેરી દ્વારા સિંગલ વિન્ડો એન્ડ ફેસલેસ સિસ્ટમનો પ્રારંભ

બાંધકામને લગતી સુવિધાઓ વધવાની સાથે સાથે ભ્રષ્ટાચાર પર લગામ લાગશે

બૌડા કચેરી દ્વારા સિવિલ એન્જીનીયરોને એક વર્ષના કરાર પર રખાશે

ભરૂચ,તા.૨૮

ભરૂચ- અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ – જુની કલેક્ટર કચેરી- ભરૂચ ધ્વારા જનસુવિધાની નવી પહેલ કરતા સિંગલ વિન્ડો અને ફેસલેસ સિસ્ટમ (એકબારી પધ્ધતિ) નો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેનું અનાવરણ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક દુષ્યંત પટેલ તથા જિલ્લા કલેક્ટર તુષાર સુમેરાના હસ્તે સંપન્ન કરવામાં આવ્યું હતું. ભરૂચ – અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા સિંગલ વિન્ડો સિસ્ટમ અને ફેસલેસ સિસ્ટમના કારણે બાંધકામને લગતી સુવિધાઓ સરળતાથી પ્રાપ્ત થશે, લોકોનો સમય બચશે અને ડિજિટલ ઈન્ટરફેસના કારણે ઝડપભેર મંજૂરીઓ અને દસ્તાવેજી સુવિધાઓ આર્શિવાદરૂપ બનશે તેમ જણાવ્યું હતું.

પ્રજાને પારદર્શક પ્રશાસનની પ્રતિતિ થાય તે દિશામાં કામગીરી થઈ હોવાનું જણાવી જાહેરજનતાને બાંધકામને લગતી તમામ પરવાનગીઓ ઝડપી અને સરળતાથી મળી રહે તથા કામગીરીમાં ઝડપ અને પારદર્શિતા લાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. બૌડાના ચેરમેન અને કલેકટર તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે, સિંગલ વિન્ડો અને ફેસલેશ સિસ્ટમ એ ગુડ ગવર્નન્સના આધાર પર તૈયાર કરવામાં આવી છે. આ સિસ્ટમ થકી અરજદારે ટેબલે ટેબલે ફરવાની જરૂરીઆત રહેતી નથી. પોઝીટીવ દિશામાં આ પહેલ કરી રહયા છે.

મંજૂરી સરળતાથી મળે તે રીતે આયોજન કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન બોડા અધિકારી, કેડાઈ ભરૂચના પ્રમુખ, આર્કિટેક્ટ સહિતના લોકોની હાજરીમાં ભરૂચને સુવિધાઓ અને સુવ્યવસ્થિત રીતે સજ્જ કરવાનું મન બનાવ્યું હતું. બોડા કચેરીમાં સિવિલ એન્જીનીયર બનેલ યુવા વિદ્યાર્થીઓને એક વર્ષના કરાર આધારિત સ્ટાઈપંડ આપી રખવામાં આવશે તેવો ઠરાવ ગુજરાતનો પ્રથમ ભરૂચ બોડા કચેરી ખાતે કરવામાં આવ્યો છે.

અંકલેશ્વરમાં ચોરીની બાઈક સાથે બે શખ્સ ઝડપાયા

અંકલેશ્વર,તા.૨૮

અંકલેશ્વર વાલિયા ચોકડી પાસેના એસટી ડેપો પાસે થી ચોરી થયેલી બાઈક સાથે બે વાહન ચોરોની શહેર પોલીસે ટ્રાન્સફર વોરંટ સાથે ધરપકડ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી હતી.

પ્રાપ્ત પોલીસ સૂત્રીય માહિતી અનુસાર અંકલેશ્વર ઓએનજીસી કોલોની ખાતે રહેતા સમાધાન બાબુરાવ મનોરે તા.૨૨મી જાન્યુઆરીના રોજ પોતાના કામ અર્થે વાલિયા ચોકડી નજીક આવેલ એસટી ડેપો પાસે ગયા હતા , અને એસટી ડેપો પાસે બાઈક પાર્ક કરીને તેઓ પોતાના કામ માટે ગયા હતા, આ તકનો લાભ લઈને વાહન ચોરો તેઓની બાઈક લઈને ફરાર થઇ ગયા હતા.બાઈક ચોરી અંગે સમાધાન મનોરે શહેર પોલીસ મથકમાં ફરિયાદ દર્જ કરાવી હતી.

પોલીસ દ્વારા આ અંગે તપાસ શરુ કરવામાં આવી હતી, જોકે તાજેતરમાં સુરતની ઉમરા પોલીસે વાહન ચેકીંગ દરમ્યાન શંકાસ્પદ બાઈક સાથે બે ઈસમોની અટકાયત કરી હતી, અને બાઈક અંગે કોઈજ જરૂરી આધાર પુરાવા તેઓએ પાસે મળી ન આવતા પોલીસની સઘન પૂછપરછ માં વાહન ચોરીની કબૂલાત કરી હતી.ઉમરા પોલીસની તપાસ દરમ્યાન વાહન ચોર મહેન્દ્ર કપુરામ પંચાલ અને જયદીપ વિનોદભાઈ પટેલ બંને રહેવાશી સુરતના ઓ એ કોસંબા અને અંકલેશ્વર માંથી બાઈક ચોરીની કબૂલાત કરી હતી, તેથી પ્રથમ કોસંબા પોલીસ અને ત્યારબાદ અંકલેશ્વર શહેર પોલીસે બંને વાહન ચોરોની કોસંબા પોલીસ પાસેથી ટ્રાન્સફર વોરંટ સાથે ધરપકડ કરીને રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી હતી, જ્યારે ચોરીની બાઈક પણ રિકવર કરીને પોલીસે વધુ તપાસ શરુ કરી હતી.

બજેટ બનાવનાર કર્મચારી નજરકેદ હોય છે

આ વર્ષે બજેટની શરૂઆત હવે મિઠાઈથી થશે નિર્મલા સીતારમણ પેપરલેસ બજેટ રજૂ કરશે

BUDGET
2022

નવી દિલ્હી, તા.૨૮

કેન્દ્રીય બજેટ ૨૦૨૨-૨૩ ૧ ફેબ્રુઆરીએ રજૂ થવાનું છે. આ બજેટ ગયા વર્ષની જેમ પેપરલેસ હશે. જે નાણાં મંત્રી નિર્મલા સીતારમણ રજૂ કરશે.

વખતે પરંપરાગત હલવાની સેરેમની થઈ નથી. દર વર્ષે બજેટની અંતિમ પ્રક્રિયા શરૂ કરતા પહેલા હલવા સેરેમનીનું આયોજન કરાતું હતું, જે આ વખતે ન થઈ શક્યું.સરકાર દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર વર્તમાન મહામારીની સ્થિતિને જોતા હલવા સેરેમની કરવામાં આવી નથી. તેના બદલે, કોવિડ પ્રોટોકોલને અનુસરીને મુખ્ય કર્મચારીઓને મીઠાઈ આપવામાં આવી છે. આ એવા કર્મચારીઓ છે જે બજેટ બનાવવાની પ્રક્રિયામાં સામેલ છે અને તેમને નજરકેદ રાખવામાં આવ્યા છે. કેન્દ્રીય નાણામંત્રી સંસદમાં બજેટ રજૂ કરે તે પછી જ આ અધિકારીઓ અને કર્મચારીઓ તેમના પરિવારના સભ્યો અને મિત્રોના સંપર્કમાં આવે છે. તેનો હેતુ બજેટને ગોપનીય રાખવાનો છે.બજેટની ગુપ્તતા જાળવવા માટે, બજેટ બનાવવા સાથે સંકળાયેલા અધિકારીઓને "લોક-ઈન" કરવામાં આવે છે. નોર્થ બ્લોકની અંદર સ્થિત બજેટ પ્રેસ, કેન્દ્રીય બજેટની રજૂઆત સુધીના સમયગાળામાં તમામ અધિકારીઓને રાખે છે.

સંસદમાં કેન્દ્રીય નાણામંત્રી દ્વારા બજેટ રજૂ કર્યા બાદ જ આ અધિકારીઓ અને કર્મચારીઓ તેમના નજીકના અને પ્રિયજનોના સંપર્કમાં આવશે.સંસદસભ્યો અને સામાન્ય જનતા સરળતાથી બજેટના જરૂરી દસ્તાવેજો મેળવી શકે તે માટે 'યુનિયન બજેટ મોબાઈલ એપ' પણ લોન્ચ કરાઈહતી. આ વખતે પણ એપ પર બજેટ દસ્તાવેજો ઉપલબ્ધ થશે. મોબાઈલ એપ અંગ્રેજી અને હિન્દી બંને ભાષામાં છે. જે એન્ડ્રોઈડ અને IOS બંને પ્લેટફોર્મ પર ઉપલબ્ધ હશે. બજેટ દસ્તાવેજો સામાન્ય લોકો માટે યુનિયન બજેટ વેબ પોર્ટલ (www.indiabudget.gov.in) પર ડાઉનલોડ કરવા માટે પણ ઉપલબ્ધ રહેશે. એપ યુનિયન બજેટ વેબ પોર્ટલ (www.indiabudget.gov.in) પરથી પણ ડાઉનલોડ કરી શકાય છે.

ઉમરવાડા રોડ નજીક એક યુવતીનો લટકતી હાલતમાં મૃતદેહ મળી આવ્યો

અંકલેશ્વર, તા.૨૮

અંકલેશ્વર શહેર થી ઉમરવાડા ગામ તરફ જવાના માર્ગ પાસેની અવાવરું જગ્યા પાસે ઝાડ પર ફાંસો ખાધેલી હાલતમાં એક યુવતીનો મૃતદેહ મળી આવ્યો હતો,અરેરાટીભરી ઘટનામાં પોલીસે મૃતક અજાણી યુવતીની ઓળખ માટેની તજવીજ શરુ કરી હતી.પ્રાપ્ત માહિતી અનુસાર અંકલેશ્વર ના ઉમરવાડા ગામ ના રોડ નજીક ગુજરાત ગેસ કંપની ની સામે આવેલા કંપાઉન્ડમાં ઝાડ સાથે લટકતી હાલતમાં એક યુવતીનો મૃતદેહ મળી આવ્યો હતો, સ્થાનિકો લટકતી હાલતમાં મૃતદેહ જોતા સ્તબ્ધ થઈ ગયા હતા, અને ઘટના અંગેની જાણ અંકલેશ્વર શહેર પોલીસને કરી હતી. અજાણી યુવતીના ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળવાનો કોલ મળતાની સાથે જ પોલીસ કાફલો ઘટના સ્થળ પર દોડી આવ્યો હતો, અને મૃતક યુવતીનો મૃતદેહ ઝાડ પરથી ઉતારી તેને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો.

સેન્સેક્સ ૭૭ અંક ઘટ્યો નિફ્ટી ૧૭૧૦૧ પર બંધ

મુંબઈ, તા.૨૮

ભારતીય શેરબજારો સપ્તાહના અંતિમ દિવસે આજે ફ્લેટ બંધ રહ્યાં હતા. સેન્સેક્સ ૭૭ અંક ઘટી ૫૭૨૦૦ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૮.૨૦ અંક ઘટી ૧૭૧૦૧ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સ પર મારૂતિ સુઝુકી, ટેક મહિન્દ્રા, પાવર ગ્રીડ કોર્પ, **ICICI** બેંક, એક્સિસ બેંક સહિતના શેર ઘટીને બંધ રહ્યાં હતા. મારૂતિ સુઝુકી ૨.૯૯ ટકા ઘટી ૮૫૫૩.૨૦ પર બંધ રહ્યો હતો.

મારૂ જુનુ નામ
પટેલ સ્મીતાબેન પરેશકુમાર
હતુ બદલીને નવુ નામ
ભગત સ્મીતાબેન પરેશકુમાર
રાખેલ છે.
૧૫, ધનાકિયા, મસાબાર,
જાબુંઘોડા,પંચમહાલ.

JHAVERI CREDITS AND CAPITAL LTD.

CIN-L65910GJ1993PLC020371 • Regd. Office - 301 Payal Towers-II, Sayajigunj, Vadodara-390020

Extract of Statement of Unaudited Financial Results for Quarter & Nine Months ended on 31st December, 2021 (Rs. In Lacs except EPS)

Particulars	Quarter Ended 31/12/2021	Quarter Ended 31/12/2020	Nine Months Ended 31/12/2021	Year Ended 31/03/2021
	(UnAudited)	(UnAudited)	(UnAudited)	(Audited)
Total Income from Operations	50.80	(0.85)	82.29	25.60
Net Profit/Loss for the period (before Tax & Exceptional Items)	36.92	(2.06)	19.91	(00.50)
Net Profit/Loss for the period (after Tax & Exceptional Items)	36.92	(2.06)	19.91	(00.50)
Total Comprehensive Income for the period	0.00	0.00	0.00	(39.31)
Equity Share Capital	646.33	646.33	646.33	646.33
Earnings per share (of Rs. 10/- each) (for continuing and discontinued operations)-Basic & Diluted	0.00	0.00	0.00	(0.61)

Note: The above is an extract of the detailed format of Unaudited Financial Results filed with the stock exchange under Regulation 33 of the SEBI (LODR), Regulations, 2015. The full format of the third Quarter & nine months ended Financial Results are available on the stock exchange website i.e. https:// www.bseindia.com and on Company's Website "www.jhavericommodity.com"

Date: 27.01.2022
Place: Vadodara

For Jhaveri Credits and Capital Ltd.
SD/-
Kamlesh J. Jhaveri (Wholetime Director) DIN:00266242

શેર સર્ટીફીકેટ ખોવાયેલ છે.

અમો મંગલમ જયંતિલાલ વ્યાસ, ડી/૯૮ નંદનવન સોસાયટી, ન્યુ સમા રોડ વડોદરા અમારી માલિકીનો સદર સોસાયટીનો નામે ઋષિકેશ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લીમીટેડ નો શેર સર્ટી નં. ૧૮/૨૯-૫-૧૯૯૨ કે જે શેર નંગ -૫ અનુ નં. ૮૬ થી ૯૦ નોંધાયેલ જેની ની અસલ નકલ ખોવાઈ ગયેલ છે.જો કોઈને આ સર્ટીફિકેટ મળે તો અમોને ઉપરોક્ત સરનામે સુપ્રત કરવા વિનંતી છે. આ બાબતે કોઈને વાંધો હોય તો આ જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને તથા સોસાયટીને લેખીતમાં જાણ કરવી ત્યાર બાદ કોઈ તકરાર કે વાંધો ચાલશે નહી. **મો. ૯૯૭૯૮૯૭૫૫૫**

પ્રતિ શ્રી,
મનીષ ચૌધરી,

એમ્પ્લોઈ કોડ નં. ૩૫૩૨૧૬ વિભાગ પ્રોડક્શન, હોદ્દો : સ્ટીચર

વિષયઃ- અનઅધિકૃત ગેરહાજરી બાબતે તમોને તા. ૦૮-૭-૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ તહોમતનામા ના સંદર્ભે

ઉપરોક્ત સંદર્ભે તમોને કંપની દ્વારા તા. ૧-૧-૨૦૨૨ ના રોજનો લેખિત વિસ્તૃત પત્ર તમારા હાલના તેમજ કાયમી સરનામે મોકલવામાં આવેલ છે.તેમજ તેની એક નકલ કંપનીના નોટીસ બોર્ડ પર પણ મૂકવામાં આવેલ

વધુમાં આ સુચના વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ કરી તમોને ઉપરોક્ત ગેરવર્તણૂક વિરૂધ્ધ ખાતાકીય તપાસની આગામી તારીખ તા. ૨-૨-૨૦૨૨, ૩-૨-૨૦૨૨ તેમજ ૪-૨-૨૦૨૨,ના રોજ બપોરે ૨ કલાકે HR ડીપાર્ટમેન્ટમાં તપાસ અધિકારી શ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવે છે. જેમા ગેરહાજર જણાતા એક તરફી કાર્યવાહી આગળ ધરવામાં આવશે જેની નોંધ લેશો.

શંકર પેકેજિંગ્સ લિમિટેડ વતી,
અધિકૃત અધિકારી,(શ્રી આનંદ રહાતેકર)

પ્રતિ શ્રી,
પંકજ કુમાર કાનુ,

એમ્પ્લોઈ કોડ નં. ૩૫૩૪૨૯ વિભાગ પ્રોડક્શન, હોદ્દો : સ્ટીચર

વિષયઃ- અનઅધિકૃત ગેરહાજરી બાબતે તમોને તા. ૦૮-૭-૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ તહોમતનામા ના સંદર્ભે

ઉપરોક્ત સંદર્ભે તમોને કંપની દ્વારા તા. ૧-૧-૨૦૨૨ ના રોજનો લેખિત વિસ્તૃત પત્ર તમારા હાલના તેમજ કાયમી સરનામે મોકલવામાં આવેલ છે.તેમજ તેની એક નકલ કંપનીના નોટીસ બોર્ડ પર પણ મૂકવામાં આવેલ

વધુમાં આ સુચના વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ કરી તમોને ઉપરોક્ત ગેરવર્તણૂક વિરૂધ્ધ ખાતાકીય તપાસની આગામી તારીખ તા. ૨-૨-૨૦૨૨, ૩-૨-૨૦૨૨ તેમજ ૪-૨-૨૦૨૨,ના રોજ બપોરે ૨ કલાકે HR ડીપાર્ટમેન્ટમાં તપાસ અધિકારી શ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવે છે. જેમા ગેરહાજર જણાતા એક તરફી કાર્યવાહી આગળ ધરવામાં આવશે જેની નોંધ લેશો.

શંકર પેકેજિંગ્સ લિમિટેડ વતી,
અધિકૃત અધિકારી,(શ્રી આનંદ રહાતેકર)

પ્રતિ શ્રી,
રાજકુમાર સાહુ,

એમ્પ્લોઈ કોડ નં. ૧૦૦૨૧૨ વિભાગ પ્રોડક્શન, હોદ્દો : સ્ટીચર

વિષયઃ- અનઅધિકૃત ગેરહાજરી બાબતે તમોને તા. ૦૮-૭-૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ તહોમતનામા ના સંદર્ભે

ઉપરોક્ત સંદર્ભે તમોને કંપની દ્વારા તા. ૧-૧-૨૦૨૨ ના રોજનો લેખિત વિસ્તૃત પત્ર તમારા હાલના તેમજ કાયમી સરનામે મોકલવામાં આવેલ છે.તેમજ તેની એક નકલ કંપનીના નોટીસ બોર્ડ પર પણ મૂકવામાં આવેલ

વધુમાં આ સુચના વર્તમાન પત્રમા પ્રસિધ્ધ કરી તમોને ઉપરોક્ત ગેરવર્તણૂક વિરૂધ્ધ ખાતાકીય તપાસની આગામી તારીખ તા. ૨-૨-૨૦૨૨, ૩-૨-૨૦૨૨ તેમજ ૪-૨-૨૦૨૨,ના રોજ બપોરે ૨ કલાકે HR ડીપાર્ટમેન્ટમાં તપાસ અધિકારી શ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવે છે. જેમા ગેરહાજર જણાતા એક તરફી કાર્યવાહી આગળ ધરવામાં આવશે જેની નોંધ લેશો.

શંકર પેકેજિંગ્સ લિમિટેડ વતી,
અધિકૃત અધિકારી,(શ્રી આનંદ રહાતેકર)

પ્રતિ શ્રી,
શિવજી શાહ,

એમ્પ્લોઈ કોડ નં. ૩૫૩૩૫૨ વિભાગ પ્રોડક્શન, હોદ્દો : સ્ટીચર

વિષયઃ- અનઅધિકૃત ગેરહાજરી બાબતે તમોને તા. ૦૮-૭-૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ તહોમતનામા ના સંદર્ભે

ઉપરોક્ત સંદર્ભે તમોને કંપની દ્વારા તા. ૧-૧-૨૦૨૨ ના રોજનો લેખિત વિસ્તૃત પત્ર કંપનીના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ તેમજ તમારા હાલના તેમજ કાયમી સરનામે મોકલવામાં આવેલ જે તમોએ સ્વીકારવાનો ઈનકાર કરી પરત કરેલ છે.

આ સુચના વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ કરી તમોને ઉપરોક્ત ગેરવર્તણૂક વિરૂધ્ધ ખાતાકીય તપાસની આગામી તારીખ તા. ૨-૨-૨૦૨૨, ૩-૨-૨૦૨૨ તેમજ ૪-૨-૨૦૨૨,ના રોજ બપોરે ૨ કલાકે HR ડીપાર્ટમેન્ટમાં તપાસ અધિકારી શ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવે છે. જેમા ગેરહાજર જણાતા એક તરફી કાર્યવાહી આગળ ધરવામાં આવશે જેની નોંધ લેશો.

શંકર પેકેજિંગ્સ લિમિટેડ વતી,
અધિકૃત અધિકારી,(શ્રી આનંદ રહાતેકર)

પ્રતિ શ્રી,
સુનિલ રામ

એમ્પ્લોઈ કોડ નં. ૩૫૩૨૩૭,વિભાગ પ્રોડક્શન, હોદ્દો : સ્ટીચર

વિષયઃ- અનઅધિકૃત ગેરહાજરી બાબતે તમોને તા. ૦૮-૭-૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ તહોમતનામા ના સંદર્ભે

ઉપરોક્ત સંદર્ભે તમોને કંપની દ્વારા તા. ૧-૧-૨૦૨૨ ના રોજનો લેખિત વિસ્તૃત પત્ર કંપનીના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ તેમજ તમારા હાલના તેમજ કાયમી સરનામે મોકલવામાં આવેલ જે તમોએ સ્વીકારવાનો ઈનકાર કરી પરત કરેલ છે.

આ સુચના વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ કરી તમોને ઉપરોક્ત ગેરવર્તણૂક વિરૂધ્ધ ખાતાકીય તપાસની આગામી તારીખ તા. ૨-૨-૨૦૨૨, ૩-૨-૨૦૨૨ તેમજ ૪-૨-૨૦૨૨,ના રોજ બપોરે ૨ કલાકે HR ડીપાર્ટમેન્ટમાં તપાસ અધિકારી શ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવે છે. જેમા ગેરહાજર જણાતા એક તરફી કાર્યવાહી આગળ ધરવામાં આવશે જેની નોંધ લેશો.

શંકર પેકેજિંગ્સ લિમિટેડ વતી,
અધિકૃત અધિકારી,(શ્રી આનંદ રહાતેકર)

વડોદરા ગેસ લિ.

(ગેઈલ ગેસ લિમિટેડ અને વડોદરા મહાનગર પાલિકાની સંયુક્ત કંપની)

જાહેર સુચના

આથી વડોદરા ગેસ લિમિટેડ ના માનવંતા ગ્રાહકોને જણાવવામાં આવે છે કે તા. ૨૯-૦૧-૨૦૨૨ ના રોજ નંદનવન ગેસ સ્ટેશન અલકાપુરી થી વડોદરા શહેર વિસ્તારને ગેસ પુરવઠો પુરી પાડતી મુખ્ય નળિકાના શટડાઉન ને ધ્યાનમાં લઈને તા. ૨૯-૦૧-૨૦૨૨ ના રોજ સમય રાત્રીના ૧૧.૦૦ કલાક થી તા. ૩૦-૦૧-૨૦૨૨ ના રોજ સવારના ૪.૦૦ કલાક સુધી **વડોદરા શહેરના ચાર દરવાજા ના અંદરનો વિસ્તાર, વાડી, ગાજરાવાડી, પાણીગેટ, જુનીઘડી, ફતેપુરા, નિઝામપુરા ગામ, રાજમહેલ રોડ, દાંડીયા બજાર, નવાપુરા, રાવપુરા, નાગરવાડા** વિગેરે વિસ્તારમાં ગેસ પુરવઠો ઓછા પ્રેશરથી /કે નહીવત થવા સંભવ છે. વડોદરા ગેસ લિમિટેડ ગેસ સપ્લાય આપવાનો પુરો પ્રયત્ન કરશે છતાં શટડાઉનની સ્થિતિને ધ્યાને લેતા ગ્રાહકોને પોતાની વૈકલ્પિક વ્યવસ્થા રાખવા વિનંતી છે. અસુવિધા માટે ખેદ છે.

ટે.નં. : ૧૮૦૦૨૩૩૬૦૪૮, ૦૨૬૫-૨૩૪૪૬૧૮/૨૫૮૦૬૧૦, ફાયરબ્રિગેડ – ૧૦૧

વડોદરા ગેસ લિ. દ્વારા પ્રકાશિત

ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ

ફર્ટીલાઈઝરનગર, જિ. વડોદરા-૩૯૧૭૫૦, ગુજરાત, ભારત.
CIN : L99999GJ1962PLC001121 • www.gsfclimited.com
• Phone : 0265-3093854 • Fax : 0265-2240021 • E-mail ID: secdiv@gsfcltd.com

નિવિદા

આથી નિવિદા આપવામાં આવે છે કે, નીચે જણાવેલ સભાસદોએ તેમના ઈક્વીટી શેર સર્ટિફિકેટો ગૂમ થવા અંગેની અથવા બીજા કોઈપણ કારણસર સર્ટિફિકેટ ન મળ્યા બાબતની કંપનીને જાણ કરી છે.

ક્રમાંક	નામ	શેર સર્ટિફિકેટ નં.	શેરની સંખ્યા
૧	સ્વ.મણીબેન લધાભાઈ પટેલ પટેલ લધાભાઈ વિશ્રામ	૧૧૨૦૧	૨૫૩૦
૨	લધાભાઈ વિશ્રામ પટેલ સ્વ.પટેલ મણીબેન લધાભાઈ	૧૧૨૦૨	૨૫૩૦
૩	મીરા એ. નેમાણી સ્વ. સુશીલા બી. નેમાણી	૩૮૦૭૫	૩૬૦

આ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી દિન ૧૦માં જો કોઈ વાંધો કંપનીને નહી મળે તો, બોર્ડ ઓફ ડિરેકટર્સ તેવા ગૂમ થયેલા ઈક્વીટી શેર સર્ટિફિકેટોની બીજી પ્રત કાઢી આપવા ઘટતુ કરશે.

ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિ. વતી,
CS વી. વી. વાછરાજાની
કંપની સેક્રેટરી અને સીનિયર વાઈસ પ્રેસિડન્ટ (લીગલ)

સ્થળ : ફર્ટીલાઈઝરનગર
તારીખ : ૨૫-૦૧-૨૦૨૨

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

જાહેર સુચના

ભારત સરકારશ્રીની "નલ સે જલ" યોજના અંતર્ગત ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ઠરાવ ક્રમાંક નંબર: પરચ/ ૧૦૨૦૧૯/ ૧૫૭૭/ ધ/ તા.૨૬/૦૮/૨૦૨૦ અનુસાર તમામ શહેરી વિસ્તારોમાં પીવાના પાણીનો પુરવઠો દરેક ઘરમાં ટેપ વોટરથી મળે તે માટે નીતિ જાહેર કરેલ છે.

સદર નીતિ અનુસાર વડોદરા શહેરનાં તમામ નાગરીકોને જણાવવાનું કે વડોદરા મહાનગરપાલિકાનાં જે વિસ્તારમાં ડ્રેનેજ અને પાણીનાં નેટવર્ક ઉપલબ્ધ હોય તેવા વિસ્તારોમાં જે નાગરીકો ધ્વારા કોઈપણ પ્રક્રિયા વગર કે નિયત ફી ભર્યા વગર ગેરકાયદેસર રીતે સીધાં જોડાણ ધેનુસર પાણી/ડ્રેનેજના જોડાણ લેવામાં આવેલ હોય તેવા તમામ નાગરીકોને રેગ્યુલરાઈઝેશન ચાર્જ રૂ.૫૦૦/- ની રકમ પ્રતિ કનેક્શન ભરી કનેક્શનને રેગ્યુલરાઈઝ/કાયદેસર કરાવવા અંગે જણાવવામાં આવે છે. વડોદરા મહાનગરપાલિકામાં ડ્રેનેજ અને પાણીનાં કનેક્શન અંગેના નિયત કરેલ ચાર્જીસ/ધારાઓ સંબંધિત વોર્ડમાં અગાઉથી ભરવાનાં રહેશે. સદર યોજના તા.૧૫/૦૨/૨૦૨૨ સુધી અમલમાં રહેશે.

વધુમાં જણાવવાનું કે વડોદરા મહાનગરપાલિકા હદ વિસ્તારમાં જે કોઈ ઈસમ/સંસ્થા જાહેર પાણી વિતરણ વ્યવસ્થામાંથી સત્તામંડળ તરફથી અધિકૃત જોડાણ મેળવ્યા સિવાય પાઈપ જોડીને અથવા તેનું જોડાણ કરીને અથવા અન્ય કોઈ રીતે જોડાણ દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈ પણ હેતુ માટે પાણીનો ઉપાડ કરે તો **"ગુજરાત પર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) અધિનિયમ,૨૦૧૯ તા.૨૨/૦૮/૨૦૧૯" ની અનુસૂચિ-૧ માં નિર્દિષ્ટ જોગવાઈ મુજબ દંડ/શિક્ષાને પાત્ર થશે.** આથી સરકારશ્રીની "નલ સે જલ" યોજના અંતર્ગત વડોદરા મહાનગરપાલિકા હદવિસ્તારમાં ગેરકાયદેસર કનેક્શન ધરાવતા ઈસમ/સંસ્થા વગેરેએ પાણીનાં કનેક્શન કાયદેસર કરાવવા અર્થે તા.૧૫/૦૨/૨૦૨૨ સુધીમાં સંબંધિત વોર્ડ ઓફિસ ખાતે સંપર્ક સાધી યોજનાનો લાભ લેવા વિનંતી છે.

પી.આર.ઓ.નં.૯૪૮/૨૦૨૧-૨૨ મ્યુનિસિપલ કમિશનર